# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-05-2025 Day: Sunday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર તૌફિક સમા વાંચે છે.

---

## બહુપક્ષીય પ્રતિનિધિ મંડળની વિદેશની મુલાકાત

**કેન્દ્ર સરકાર ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન સમર્થક આતંકવાદ સામે ભારતના દ્રષ્ટિકોણને રજૂ કવા સાત બહુપક્ષીય પ્રતિનિધિમંડળને વિવિધ દેશમાં મોકલશે. આ પ્રતિનિધિમંડળ આ મહિનાના અંતમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિસદના સભ્યો સહિત મહત્વના સહયોગી દેશની મુલાકાત લેશે. તેમાં વિવિધ રાજકીય પાર્ટીઓના સાંસદ અને પ્રતિષ્ઠિત રાજદ્વારી સામેલ થશે. આ પ્રતિનિધિમંડળમાં કોંગ્રેસ સાંસદ શશિ થરૂર, ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદ, જનતા દળના યુનાઇટેડના સાંસદ સંજયકુમાર ઝા, ભાજપ સાંસદ વૈજયન્તી પન્ડા, ડીએમકે સાંસદ કનિમોઝી, એનસીપીના સાંસદ સુપ્રિયા સુલે અને શિવ્સેના સાંસદ શ્રિકાન્ત શિન્દે સામેલ છે. સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ પ્રતિનિધિમંડળને રાષ્ટ્રીય એકતાનું શક્તિશીળ પ્રતિક ગણાવ્યું છે. .**

**------------------------------------------------------------------------------------------------**

## અમિત શાહ: લોકાર્પણ કાર્યક્રમ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગરમાં 708 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ વિકાસકામોમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાવોલ, 'ચ' રોડ પર નવનિર્મિત સેક્ટર 21 અને 22ને જોડતા અંડરબ્રિજનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે, જાહેર સભાને સંબોધન કરતા ગૃહ મંત્રી અમિત શાહે આતંકવાદને નાબૂદ કરવા માટેની ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી અને જણાવ્યું કે, આતંકવાદ સામે મોદી સરકારે

અપનાવેલા કડક વલણની દુનિયાભરમાં પ્રશંસા થઈ રહી છે. તેમણે કહ્યું કે, ભારતની સામે કરેલા કોઈપણ આતંકી પ્રવૃત્તિનો જવાબ કડક કાર્યવાહીથી આપવામાં આવશે..

---------------------------------------------------------------------------------------------------

## તિરંગા રેલી

પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર દ્વારા આતંકીઓનો ખાત્મો બોલાવી દેશને ગૌરવ અપાવ્યું. સેનાના આ પરાક્રમને બિરદાવવા રાજ્યમાં વિવિધ સ્થળોએ તિરંગા રેલી યોજાઇ રહી છે.

ગઇકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં લપકામણ ગામથી અદાણી શાંતિગ્રામ સુધીની તિરંગા બાઇક રેલીમાં જોડાયા હતા. શ્રી પટેલે આ રેલીમાં સહભાગી થઈને યુવાનો અને ગ્રામજનોમાં રાષ્ટ્રપ્રેમનો સંચાર કર્યો હતો.

માંડવીમાં પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની પ્રતિમાને નમન કર્યા બાદ તિરંગા રેલીને પ્રસ્થાન કરાયું હતું.  રેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. રેલીમાં ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, નગર પાલિકા પ્રમુખ હરેશ વિંઝોડા સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય જળ શક્તિ મંત્રીની ગુજરાત મુલાકાત

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે ખેતરમાં બોર કરીને પાણી જમીનમાં ઉતારવા ખેડૂતોને અનુરોધ કર્યો. સુરતમાં યોજાયેલા રેઇન વોટર હાર્વેસ્ટિંગ કાર્યક્રમમાં શ્રી પાટીલે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી પાટીલે વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બે વર્ષ 2021માં “કેચ ધ રેઇન” વોટર હાર્વેસ્ટિંગનો સંકલ્પ આપણને સૌને આપ્યો હતો. ત્યારે કર્મ ભૂમિથી માતૃભુમિ માટે દરેક વ્યક્તિએ યોગદાન આપવું જોઇએ.

---

## આઇપીએલ

આઇ પી એલ ની મુલત્વી રહેલી મેચો ગઈ કાલ થી ફરી શરૂ થઈ છે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને કોલકાતા નાઇટ રાઇડર્સ વચ્ચે ની .મેચ વરસાદ ને કારણ રદ થઈ હતી બન્ને ટીમોને એક એક પોઇન્ટ મળ્યા છે દરમ્યાન આજે ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ વચ્ચે મેચ રમાશે દિલ્હી માં અરુણ જેટલી સ્ટેડિયમ પર ની મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે ગુજરાત ની ટીમ 16 પોઇન્ટ સાથે પોઇન્ટ ટેબલ માં બીજા સ્થાને આવી ગઈ છે જ્યારે દિલ્હી ની ટીમ 13 પોઇન્ટ સાથે પાંચમા ક્રમે છે**.**

---

## સાયબર ક્રાઇમ વિરૂધ્ધ કાર્યવાહી

ગુજરાત પોલીસે સાયબર ક્રાઇમ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરતા છેલ્લા ગત 15 દિવસમાં મહત્વના 12 સાયબર કેસ ઉકેલ્યા છે. રાજ્યના ચાર મહાનગરો – અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાની સાયબર ક્રાઇમ ટીમો તથા સ્ટેટ સાયબર ક્રાઇમ સેલે ચાઇનીઝ સાયબર ક્રાઇમ ગેંગના સાગરીતો અને ડિજિટલ એરેસ્ટ જેવા ગુનાઓ આચરનારા શખ્સોને ઝડપી પાડ્યા છે. આ સફળતા બદલ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસની તમામ ટીમો અને તેમને માર્ગદર્શન આપનાર અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

---

## રાજ્ય પોલીસ વડાની કોન્ફરન્સ

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જુનાગઢ સર્કિટ હાઉસ ખાતે ક્રાઈમ કોન્ફરન્સ યોજી હતી. આ પ્રસંગે શ્રી સહાયે ત્રણ વાત અમારી અને ત્રણ વાત તમારી એ માધ્યમથી પ્રજા સાથે મિત્ર બનવા પોલીસ અધિકારીઓને અનુરોધ કર્યો હતો. આ કોન્ફરન્સમાં વિવિધ જિલ્લાના રેન્જ આઇ.જી., પોલીસવડા તેમજ પોલીસ કમિશનર ઉપસ્થિત રહ્યા હતા..

---

## હવામાન

રાજ્યમાં આગામી 7 દિવસ કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 7 દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. આગામી 7 દિવસોમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા છે. છે.

આજથી 22 મે સુધી સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે.

---